નબળા રિઝલ્ટની રાઇટ ઇફેક્ટ્સ

# એન્જિનિયરિંગની 69,000 સીટો, 45%થી વધુને એડમિશન પછી પણ 35,000 સીટો ખાલી રહેશે

એસીપીસીના દાવા મુજબ, બોર્ડ અને ગુજકેટના પરિણામ બાદ ઈજનેરી કોલેજોમાં 38 હજારથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકશે. રાજ્યની કુલ બેઠકો 69 હજાર છે. જેમાંથી 35,000 ખાલી રહી શકે છે.

**આવો જોઇએ કે,** આખા રિઝલ્ટમાં સ્ટુડન્ટ માટે શું છે અને પેરન્ટને આગળ ભવિષ્યની તૈયારી માટે શું-શું કરવું જોઈએ એ જાણવા માટે અમે આ રિઝલ્ટને બે ભાગમાં વહેંચી દીધુ છે...

## આ ચાર ફિલ્મના રસપ્રદ કિસ્સા... તમને કરિયરમાં આગળ શું કરવું એ સમજવામાં મદદ કરશે

### પરીક્ષા માત્ર ધોરણ 12 સાયન્સની, જીવનની નહિ



ફિલ્મ : તારે જમીન પર
**બોધ :** ધોરણ 12નું આ રિઝલ્ટ મહત્વનું તો છે પણ જીવનનું અંતિમ રિઝલ્ટ તો નથી જ તેથી રિઝલ્ટ જે પણ આવે તેની સાથે હંમેશા રહો અને તેને મોટીવેટ કરો.

### દીકરા, તું એ જ ફિલ્ડમાં જજે, જે તને સૌથી વધુ ગમે છે



ફિલ્મ : થ્રી ઇડિયેટ્સ
**બોધ :** બાળકને પોતાની પસંદગીના કરિયરમાં મદદ કરો, તેના પર કોઈ પણ પ્રકારનું દબાણ ના કરો, કરિયરના દરેક પડાવ પર તેને સાથ આપો.

### પોતાના બાળક માટે કોચ કે ગાઈડ બની તેને રસ્તો બતાવો



ફિલ્મ : દંગલ
**બોધ :** ઉત્તમ ગુરુ બાળકના ભવિષ્યના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવે છે જેથી જરૂર પડે ત્યારે પોતાના બાળક માટે કોચ કે ગાઈડ બની તેને રસ્તો બતાવો.

### બાળક પરિવારમાં એક આદર્શ રોલ મોડેલની શોધમાં હોય છે



ફિલ્મ : સિક્રેટ સુપર સ્ટાર
**બોધ :** બાળક હંમેશા પોતાના પરિવારમાં એક આદર્શ રોલ મોડેલની શોધમાં હોય છે, આદર્શ મોડેલની આ પસંદગીમાં તેના ભાગીદાર બનો.

## સ્ટુડન્ટ્સ, મારા માટે રીઝલ્ટમાં શું છે?

# ઓછા પરિણામને લીધે ટોચની કોલેજોમાં મેરિટ 2 ટકા સુધી ઘટશે

ધોરણ 12 સાયન્સનું પરિણામ 72.99 ટકા આવ્યું છે. ગત વર્ષે આ પરિણામ 81.89 ટકા હતું. આ પરિણામમાં સૌથી નોંધપાત્ર બાબત એ-1 ગ્રેડ અને એ-2 ગ્રેડમાં ઘટેલા વિદ્યાર્થીઓની સંખ્યા છે. 100 ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ગત વર્ષે 118 હતી, જે ઘટીને આ વર્ષે 42 પર આવી ગઈ છે. આ બાબત ઘટેલા પરિણામની ચાડી ખાય છે.

### મુખ્ય-4 વિષયમાં પરિણામ

સાયન્સના મુખ્ય ચારેય વિષયોમાં પરિણામની ટકાવારી 80 ટકાને આંબી શકી નથી. જેની અસર ગ્રેડના પરિણામમાં પણ જોવા મળે છે.

#### બાયોલોજી | સેમેસ્ટરને લીધે છાત્રો ન્યાય ન આપી શક્યા

| | |
|---|---|
| 2017 | 87.43% |
| 2018 | 72.44% |
| તફાવત | 15% |

**એક્સપર્ટ વ્યૂ |** બી ગ્રૂપમાં મેડિકલ, ડેન્ટલના મોહના કારણે બોર્ડની પરીક્ષા પદ્ધતીનું મહત્વ ઘટ્યું. સેમેસ્ટરને લીધે વિદ્યાર્થીઓ વિષય ભારણને ન્યાય ન આપી શક્યા. આ વર્ષે એનસીઈઆરટીની બુક ગુજરાતીમાં અમલમાં આવતા નીટના રિઝલ્ટમાં સુધારો થશે.

#### મેથ્સ | પાર્ટ-એમાં 50 પ્રશ્નો માટે એક કલાકનો સમય ઓછો રહે છે

| | |
|---|---|
| 2017 | 86.76% |
| 2018 | 78.80% |
| તફાવત | 7.96% |

**એક્સપર્ટ વ્યૂ |** સેમેસ્ટર પધ્ધતી નાબુદ થવાની અસર આ વર્ષની રિઝલ્ટ પર જોવા મળી રહી છે. આ વર્ષે પરીણામમાં ઘટાડો નોંધાયો છે. પાર્ટ એમાં 50 પ્રશ્નો માટે એક કલાકનો સમય ઓછો રહે છે. વિજ્ઞાન પ્રવાહની સંખ્યામાં ઘટાડો થવાની શક્યતા પ્રબળ છે.

#### કેમેસ્ટ્રી | લાંબા પ્રશ્નો સરળ પૂછાતા પરિણામમાં વધુ ઘટાડો અટક્યો

| | |
|---|---|
| 2017 | 83.50% |
| 2018 | 73.96% |
| તફાવત | 9.54% |

**એક્સપર્ટ વ્યૂ |** રસાયણ વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં એમસીક્યુએ વિદ્યાર્થીઓને મુંજવ્યા હતા. જેની અસરના ભાગરૂપે રસાયણ વિજ્ઞાનનું પરિણામ ગયા વર્ષ કરતા 9.54 ટકા ઘટ્યું છે. લાંબા પ્રશ્નો ગણતરી મુજબના સરળ પુછાતા પરિણામમાં વધુ ઘટાડો અટકાવ્યો.

#### ફિઝિક્સ | એમસીક્યુ સરળ રહ્યાં થિયરીમાં કેટલાક પ્રશ્નોએ ગૂંચવ્યા

| | |
|---|---|
| 2017 | 84.59% |
| 2018 | 79.49% |
| તફાવત | 5% |

**એક્સપર્ટ વ્યૂ |** ગયા વર્ષની સરખામણી આ વર્ષના પરિણામમાં ઘટાડો નોંધાયો છે. એમસીક્યુ સરળ રહ્યાં અને થિયરીના પ્રશ્નોમાં કેટલાક પ્રશ્નોએ વિદ્યાર્થીઓને ગુંચવ્યા. દાખલા પ્રમાણમાં સરળ પુછાયા. જેઈઈ અને નીટનું મહત્વ વધતા બોર્ડના પરીણામમાં 5% જેટલો ઘટાડો થયો છે.

### 50% બેઠકો ખાલી રહેશે

વિદ્યાર્થીઓની પસંદગીની કોલેજો ભરાઈ જશે અને મોટાભાગની કોલેજો ખાલી રહેશે. મેરિટમાં 2થી 5 ટકા જેટલો ઘટાડો આવી શકે છે.

ગયા વર્ષ કરતાં 9 ટકા પરિણામ ઓછું આવ્યું છે. કુલ 70 હજાર જેટલી બેઠકો ઇજનેરીમાં છે. 2016માં ઇજનેરીમાં 28 હજાર બેઠકો ખાલી રહી હતી જ્યારે 2017માં 32 હજાર બેઠકો ખાલી હતી. એક્સપર્ટના અંદાજ મુજબ, આ વર્ષે 35 હજાર એટલે કે 50 ટકા બેઠકો ખાલી રહેવાની સંભાવના છે. જેમને એ ગ્રુપ હોય તેઓ આઈઆઈટી જેવી સંસ્થાઓમાં પ્રવેશ માટે પ્રયાસ કરતા હોય છે એટલે એ બેઠકો પણ ખાલી રહેતી હોય છે. ઈજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓ ઘટતા જાય છે. મેડિકલ તરફનો ઝોક સતત વધી રહ્યો છે. વિદ્યાર્થીઓની પસંદગીની કોલેજો ભરાઈ જશે અને મોટાભાગની કોલેજો ખાલી રહેશે. મેરિટમાં 2થી 5 ટકા જેટલો ઘટાડો આવી શકે છે.

### જિલ્લા મુજબ પરિણામ

આ વર્ષે સૌથી વધુ પરિણામ રાજકોટ જિલ્લાનું 85.03 ટકા આવ્યું છે. જ્યારે છોટાઉદેપુર જિલ્લાનું પરિણામ 35.64 ટકા છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | 78.70% | સુરેન્દ્રનગર | 81.28% | અમરેલી | 76.44% | અરવલ્લી | 62.93% | વલસાડ | 59.38% |
| બોટાદ | 85.93% | ભાવનગર | 77.29% | વડોદરા | 75.16% | પોરબંદર | 59.72% | ડાંગ | 77.01% |
| મોરબી | 83.63% | કચ્છ | 76.15% | પાટણ | 71.15% | નવસારી | 69.16% | નર્મદા | 39% |
| રાજકોટ | 85.03% | જામનગર | 80.35% | ગીર સોમનાથ | 65.22% | દાહોદ | 42.22% | તાપી | 48.14% |
| જૂનાગઢ | 76.39% | સુરત | 78.77% | સાબરકાંઠા | 65.40% | પંચમહાલ | 50.93% | છોટા ઉદેપુર | 35.64% |
| મહેસાણા | 81.25% | ગાંધીનગર | 77.84% | ભરૂચ | 66.13% | આણંદ | 66.33% | (ગત વર્ષે પણ છોટાઉદેપુર યાદીમાં છેલ્લું હતું) | |
| દેવભૂમિ દ્વારકા | 82.86% | બનાસકાંઠા | 73.42% | ખેડા | 63.54% | મહિસાગર | 47.11% | | |

## પેરેન્ટ્સ, મારા માટે હવે આગળ શું?

# ઓછું પરિણામ હશે તો પણ તમારા સંતાનો પાસે ઘણી તકો ઉપલબ્ધ છે

આ વખતે ઓછા પરિણામને લીધે રાજ્યની કુલ બેઠકોમાંથી ૫૦ ટકા બેઠકો ખાલી રહેવાની સંભાવના છે. જેને કારણે વિદ્યાર્થીઓને તેમની પસંદગીની કોલેજ અને બ્રાન્ચ પસંદ કરવાનો મોકો મળશે. ટોચની કોલેજોમાં મેરિટ બે ટકા સુધી ઘટશે. એક્સપર્ટ કહે છે કે, વાલીઓએ સંતાનોની ઈચ્છા ધ્યાનમાં રાખીને એડમિશનની પ્રક્રિયા માટે આગળ વધવું જોઈએ.

### કઇ બ્રાન્ચમાં કેટલી સીટ

અત્યારે એ ગ્રુપના વિદ્યાર્થીઓની એડમિશન પ્રક્રિયા ચાલુ થશે. બી ગ્રુપ માટે નીટના પરિણામ બાદ એડમિશન શરૂ થશે.

| અભ્યાસક્રમનું નામ | કુલ સીટ | સરકારી | સેલ્ફ ફાઇનાન્સ | સેલ્ફ ફાઈનાન્સ સીટની ફી |
|---|---|---|---|---|
| મેડિકલ | 4000થી વધુ | 1080 | 2980 | 3,00,000થી 6,90,000 |
| ડેન્ટલ | 1155 | 200 | 955 | 2,00,000થી 3,99,000 |
| એન્જિનિયરિંગ | 66,000 | 8970 | 54,000 | 50,000થી વધુ |
| આયુર્વેદ | 2000થી વધુ | 460 | 1500 | 3,00,000 |
| હોમિયોપેથી | 2825 | 400 | 2425 | 5,80,000 થી 6,70,000 |
| ફિઝિયોથેરાપી | 3750 | 380 | 3370 | 65,000થી વધુ |
| B.Sc. નર્સિંગ | 3430 | 400 | 3030 | 65,000થી 96,000 |

**કામની વેબસાઇટ**

- www.jacpcldce.ac.in ડિગ્રી ટુ ડિપ્લોમા માટે
- www.gujacpc.nic.in પ્રવેશ રજીસ્ટ્રેશન માટે
- www.aicte-india.org દેશની ઈજનેરી કોલેજોની વિગતો માટે
- www.pci.nic.in દેશની ફાર્મસી કોલેજોની વિગતો માટે
- www.coa.gov.in આર્કિટેક્ટ કોલેજોની વિગત માટે
- www.dte.gswan.gov.in ટેકનિકલ એજ્યુકેશનની સાઈટ

### કામના સમાચાર

પરિણામ આવી ગયું છે. હવે વિદ્યાર્થીઓ અને વાલીઓ એડમિશનની પ્રક્રિયામાં લાગી જશે. તેમને આ સમાચાર કામ આવશે.

#### ડિગ્રી ઇજનેરી માટે 14મે સુધી પિન વિતરણ કરવામાં આવશે, 45 ટકા હોવા ફરજિયાત

આ વર્ષે પરીક્ષા પૂરી થતાંની સાથે જ એન્જિનિયરિંગમાં ભરતી માટેની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. જેમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીએ 14 મે પહેલા કોટક મહિન્દ્રા બેંકમાં ફી ભરીને પિન નંબર મેળવવાનો રહેશે. આ માટે વિદ્યાર્થીને 45 ટકા હોવા ફરજિયાત છે. જ્યારે કે અમુક કિસ્સામાં પ્રેક્ટિકલ માર્કસને ઉમેરીને ફોર્મ ભરી શકાય છે. પરંતુ છેલ્લી તારીખ બાદ કોઈની પણ અરજી સ્વીકારાશે નહીં.

#### 13 મેથી ઓનલાઇન ગુણ ચકાસણી ઓએમઆર કોપી માટે અરજી કરી શકાશે

ધોરણ 12 સાયન્સ અને ગુજકેટની પરીક્ષામાં ઓનલાઈન ગુણ ચકાસણી અને ઓએમઆર કોપી માટેની અરજી 13થી 19મે દરમિયાન કરી શકાશે. ધો. 12 સાયન્સ માટે avalokan.gseb.org વેબસાઈટ પર જવું, જ્યારે કે ગુજકેટના વિદ્યાર્થીઓએ gujcet.gseb.org પરથી લોગઈન કરવું. વિદ્યાર્થીઓ આ તારીખો ધ્યાનમાં રાખી ઓનલાઈન અરજી કરી નાખવી પડશે.

### કરિયર કાઉન્સેલિંગ

દરેક વાલીના મનમાં તેમના સંતાન માટે કારકિર્દીને લઈને સવાલો હોય છે. એક્સપર્ટ એ દરેક સવાલના જવાબ આપે છે.

**પ્રશ્ન : 45 ટકાથી ઓછા પર્સેન્ટાઇલ હોય તો શું વિકલ્પ છે?**

જવાબ: વિદ્યાર્થી બીએસસી તેમજ એગ્રીકલ્ચર કે ફાર્મસી વિદ્યાશાખામાં પ્રવેશનો વિકલ્પ રહે છે. આ ઉપરાંત ફેશન ડીઝાઈન, ઈન્ટીરીયર ડીઝાઈન, આર્કિટેક્ચર, વેબ ડીઝાઈનીંગ સહિતની વિવિધ અગણિત શાખાઓમાં પ્રવેશ મેળવીને કેરીયર બનાવવવાની તક રહે છે.

**પ્રશ્ન : જો બી ગ્રૂપમાં MBBSમાં પ્રવેશ ના મળે તો બીજી સારી લાઇન કઇ?**

જવાબ: બી ગૃપમાં MBBSમાં પ્રવેશ ના મળે તો વિદ્યાર્થીને બીએએમએસ -આયુર્વેદ, બીડીએસ,ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમીયોપેથી સહિતના કોર્સની પસંદગી કરીને પ્રવેશ મેળવી શકે છે. મેડીકલ-પેરા મેડીકલ સિવાય નોન મેડીકલ કોર્સીસ જેવા કે વેટરનરી સાયન્સ,એગ્રીકલ્ચરમાં પણ ખૂબ સારો સ્કોપ છે.

**પ્રશ્ન : સેમેસ્ટર સિસ્ટમ અને એન્યુઅલ એક્ઝામ સિસ્ટમમાંથી સૌથી વધુ બહેતર વ્યવસ્થા કંઇ છે?**

જવાબ: સેમેસ્ટર સિસ્ટમમાં વર્ષમાં બે વાર પરીક્ષા આપવી પડે છે, જ્યારે એન્યુઅલ એક્ઝામ સિસ્ટમમાં વર્ષમાં એક પરીક્ષા હોય છે. દરેક સિસ્ટમના પોત પોતાના જમા ઉધાર પાસા રહેલા છે.

**પ્રશ્ન : 99.67 પર્સેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થી નિરમા, પીડીપીયુ, ધીરૂભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યુટ જેવી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પ્રવેશ મળી શકે?**

જવાબ: હા મળી શકે.આ માટે એસીપીસીના માધ્યમથી ફોર્મ ભરીને વિદ્યાર્થી નિયત ધારાધોરણ મુજબ પ્રવેશ મેળવી શકે.કો

**પ્રશ્ન : કમ્પ્યૂટર એન્જિનિયરીંગ પછી કેટલી કંપનીઓમાં જોબ મળી શકે?**

જવાબ: કમ્પ્યુટર એન્જિનિયરીગ કર્યા પછીથી સરકારી તેમજ પ્રાઈવેટ સંસ્થાઓ કે કંપનીઓમાં જોબ મળવાની સંભાવના રહે છે.માઈક્રોસોફ્ટ, એમેઝોન, ગૂગલ સહિતની દેશ વિદેશની ખ્યાતનામ સોફ્ટવેર-હાર્ડવેર કંપનીઓમાં જોબ મળવાની સંભાવના રહે છે.

**પ્રશ્ન : પ્લેસમેન્ટનુ પ્રમાણ સરકારી કોલેજોમાં વધારે કે ખાનગી કોલેજોમાં?**

જવાબ: અમદાવાદ સહિત રાજ્યની અગ્રણી સરકારી તેમજ પ્રતિષ્ઠિત ખાનગી કોલેજોમાં સારા કે પૂરતા પ્રમાણમાં પ્લેસમેન્ટ થાય છે.

**પ્રશ્ન : સરકારી કોલેજોમાંડીગ્રી એન્જિનિયરીંગમાં એડમિશન લીધા પછી સારી જોબનો સ્કોપ હોય છે?**

જવાબ: જી હા. સરકારી કોલેજોમાં ડીગ્રી એન્જિનિયરીંગ કોર્સમાં એડમિશન લીધા પછી જોબનો સારો સ્કોપ ઉપલબ્ધ છે. સરકારી કે ખાનગી ક્ષેત્રની કંપનીઓમાં સારા પગાર સાથેની નોકરીની તકો છે. શૈક્ષણિક ક્ષેત્રે બીઈ બાદ એમઈ અને પીએચડી બાદ અધ્યાપક બનવાની તક રહે છે.

### ભાસ્કર હાઉસમાં શિક્ષણમંત્રી



ભાસ્કર એક્સપર્ટ પેનલ સાથે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## ભાસ્કર : આવા પરિણામ માટે જવાબદારી નક્કી કરાશે?

અનુસંધાન પાના નં. 1 થી...

**ભાસ્કર : આ માટે સરકાર શું પગલાં ભરશે?**

ચુડાસમા : વિશ્લેષણ માટેની એક સમિતિ રચી છે. ગત વર્ષ કરતાં આ વર્ષે એ-1 અને એ-2માં વિદ્યાર્થિઓની સંખ્યામાં આટલો ઘટાડો શા માટે? આ સવાલોના જવાબ મેળવીશું.

**ભાસ્કર : આ માટે શું જવાબદારી નક્કી કરાશે?**

ચુડાસમા : ચોક્કસ કરાશે. સૌપ્રથમ આવા પરિણામ માટે જે-તે વિષયના શિક્ષક જવાબદાર છે. ત્યાર બાદ વિદ્યાર્થી અને વાલી ગણી શકાય. ફક્ત એકજ માર્ક માટે સરકારી નોકરી ન મેળવીને ખાનગી સ્કુલોમાં ભણાવતા શિક્ષકો જો તેના વિદ્યાર્થિઓને અપ-ટુ-ધ-માર્ક અભ્યાસ કરાવી શકતા હોય તો સરકારી સ્કુલોના શિક્ષકો કે જેમને નોકરીમાં સુરક્ષા અને પુરતો પગાર એમ બન્ને મળે છે. તો પછી તે શિક્ષકો શા માટે પોતાના વિદ્યાર્થીને યોગ્ય રીતે અભ્યાસ ન કરાવી શકે. અમે ટુંક સમયમાં જ એ નક્કી કરીશું કે જે-તે વિષયનાં શિક્ષકની પોતાના વિષયના વિદ્યાર્થીઓના પરિણામ માટેની જવાબદારી કેવી રહેશ? અને તેમાં જે પણ નિષ્ફળ જાય તો તેની સામે કેવા પગલાં ભરવામાં આવશે.

## ચુડાસમા : જે-તે વિષયનાં શિક્ષકની પોતાના વિષયના વિદ્યાર્થીઓના પરિણામ માટેની જવાબદારી કેવી રહેશે એ ચોક્કસ નક્કી કરીશું

**ભાસ્કર: શું આપ માનો છો કે સેમેસ્ટર પધ્ધતિને દૂર કરવાથી આ પરિણામ આવ્યું છે?**

ચુડાસમા: જુઓ, સેમેસ્ટર પદ્ધતિનું દૂર થવું એ એક કારણ હોઈ શકે પરંતુ એકમાત્ર કારણ નથી. પરીક્ષાખંડોમાં સીસીટીવી કેમેરા લાગવા ઉપરાંત શિક્ષકોની જવાબદારી જેવા અન્ય કારણો પણ સામેલ છે.

**ભાસ્કર: ફી કમીટી, શિક્ષકોને શ્રમદાન કરાવવું તેમજ સેમેસ્ટર પધ્ધતિને દૂર કરવાના નિર્ણયો ઉતાવળે લેવાયેલા અધકચરા નિર્ણયો નથી લાગતા?**

ચુડાસમા: ના, બીલકુલ નહીં. આ તમામ નિર્ણયો પૂરા અભ્યાસ અને ગંભીરતાથી લેવાયેલા હતા. તમામ નિર્ણયની પાછળ પૂરતો સમય લીધો હતો. શિક્ષકોના શ્રમદાનને લઈને ઘણી વાતો થઈ રહી છે પરંતુ મારે કહેવું છે કે, આખો સમાજ જો શ્રમદાન કરતો હોય તો શિક્ષક શા માટે બાકાત રહે? સામાન્ય માણસથી લઈને સંતો-મહંતો સુધીના સૌ કોઈને જળસંચયના આ મહાઅભિયાન માટે શ્રમદાન કર્યું છે.

### દિવ્ય ભાસ્કર એક્સપર્ટ પેનલ


ભાવન પંચોલી, બાયોલોજી એક્સપર્ટ


પુલકિત ઓઝા, ફિઝિક્સ એક્સપર્ટ


પૂરવ મોદી, કેમેસ્ટ્રી એક્સપર્ટ


રાજેન્દ્ર ઉપાધ્યાય, શિક્ષણવિદ એક્સપર્ટ


સંજય પટેલ, મેથ્સ એક્સપર્ટ


તેજસ ઠક્કર, કમ્પ્યુટર એક્સપર્ટ


જી.પી.વડોદરિયા, મેમ્બર સેક્રેટરી, એસીપીસી


ભરત શાહ, પૂર્વ ડીન, બી.જે. મેડિકલ કોલેજ